ડૉ.એ.એન.સાબલપરા
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા,દાંડી રોડ, નવસારી–૩૯૬ ૪૫૦ (ગુજરાત),ફોન નં.૦૨૬૩૭–૨૮૩૧૬૦, ૨૮૨૭૭૧–૭૫
Exn.૧૧૧૪ ફેકસ નં.૦૨૬૩૭–૨૮૩૧૬૦
**E-mail: nau_dr@yahoo.co.in, dr@nau.in**

જા.નં.નકૃયુ/સં.નિ./ટી.૨/ડ્રાઈવર ફિક્સ પગાર/૧૨૬૩૯–૫૧/૨૦૧૨ તા.૦૫.૧૨.૨૦૧૨

પ્રતિ,
........................
........................
........................
........................
........................

**વિષય :–** ડ્રાઈવર (ટ્રેકટર/જીપ/બસ/મીની બસ) નાં ફીકસ દરોમાં ફેરફાર કરવા....
**સંદર્ભ :–** અત્રેની કચેરીના જા.નં.નકૃયુ/સં.નિ./ટી.૨/ડ્રાઈવર ફિક્સ પગાર/૧૨૩૪૨૦–૭૬/૨૦૧૨, તા.૨૪.૧૧.૨૦૧૨

જયભારત સહ ઉપરોકત વિષયના અન્વયે જણાવવાનું કે, ડ્રાયવર (ટ્રેકટર/જીપ/બસ/મીની બસ) ને ફીકસ (રૂા.૫૦૦૦/–) પગારે રોકવા માટે સંદર્ભપત્રથી શરતો અંગેનાં નિયમો પરિપત્રિત કરેલ હતા. જેમાં શરતો અને નિયમોમાં જરૂરી ફેરફાર કરી આ સાથે સામેલ રાખવામાં આવે છે અને બાકીની શરતો યથાવત રહેશે. જેની નોંધ લેશો.

**સામેલ :** ઉપર મુજબ

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

<u>**નકલ રવાના :–**</u> પ્રતિશ્રી, કુલસચિવશ્રી, નવસારી કુષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

# <u>શરતો</u>

૧ **ડ્રાયવર (ટ્રેકટર/જીપ/બસ/મીની બસ) ને કરાર આધારિત રોકવા માટે સામેલ કરેલ નિર્ધારિત "કરાર કામગીરી આપવાની શરતો" પ્રમાણે રૂા.૫ત્ર/– ના સ્પેમ્પ પેતર ૫ર કરાર કરવાના રહેશે.**

૨ ડ્રાઈવર (ટ્રેકટર/જીપ/બસ/મીની બસ) ની કામગીરીનાં દર્શાવેલ દર ફુલ ટાઈમનાં માસિક દર છે.

૩ યુનિવર્સિટીનું વાહન જયારે હેડ કર્વાટરની બહાર પ્રવાસમાં જાય ત્યારે કોન્ટ્રાકટ ડ્રાયવર (ટ્રેકટર/જીપ/બસ/ મીની બસ) ફરજમાં હોય તો તેને નીચેની વિગતે પ્રવાસ ભથ્થું ચુકવવું.

- ૧૨ કલાકથી વધુ સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૫૫.૦૦
- ૬ કલાકથી વધુ સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૨૭.૦૦
- ૬ કલાકથી ઓછા સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૧૬.૫૦

૪ જાહેર રજાનો લાભ મળવા પાત્ર રહેશે પરંતુ જરૂર જણાયે રજાનાં દિવસે કામગીરી કરવાની રહેશે.

૫ ઉપરોકત પ્રકારની કામગીરી માટે જરૂરી કામગીરીની અગત્યતા અને જરૂરીયાત બંનેને ઘ્યાને રાખી જે તે વિભાગોએ કરાર આધારિત ડ્રાયવર રોકવા માટે કુલસચિવશ્રીની મંજુરી સંશોધન નિયામકશ્રીની ભલમાણ સહ યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર મંજુરી મેળવી ઉચ્ચક કામગીરી માટે માન્ય શરતો/બોલીઓને આધિન રહી કરાર પધ્ધતિથી રોકવાના રહેશે.

૬ માસિક ફીકસ પગારથી રાખવામાં આવેલ ઈસમને નાણાકીય વર્ષ/કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી ન થાય તે ઘ્યાને લઈ દર બે માસે નિયમોનુસાર બ્રેક આપવાની રહેશે. જેની સઘળી જવાબદારી કચેરીના વડાની રહેશે.

૭ કામગીરીના દિવસો ઓછામાં ઓછા ચોવીસ ગણવાના રહેશે.

૮ ૨૪ દિવસથી ઓછા દિવસો કામ કરે તો જે તે મહિનાના દિવસો પ્રમાણે એક દિવસની રકમ ગણી તેની કપાત કરવાની રહેશે.

૯ માસિક ઉચ્ચક દરથી રાખવામાં આવેલ ઈસમને દર બે માસે નિયમોનુસાર બ્રેક આપવાની રહેશે.

૧૦ વાહન/ટ્રેકટરને નુકશાન થાય નહિ તેની શકય એટલી કાળજી લેવાની રહેશે.

૧૧ માસિક ઉચ્ચકદરથી રાખવામાં આવેલ ઈસમ યુનિવર્સિટીનો કર્મચારી ગણાશે નહિ અને યુનિવર્સિટીના લાભાલાભ મળવાપાત્ર થશે નહિ. જે માટે હકક દાવો નહી કરી શકાશે.

# કરાર ઉપર કામગીરી આપવાની શરતો

અમોને નવસારી કૃષિ યુનિવર્સિટીના .......................................................... (કચેરીનું નામ સરનામુ) ............................................................... થી સરનામુ ................................................................ ને આ યુનિટ/કચેરી માટે નીચેના કામ સબબ કરારથી મર્યાદિત સમય માટે રોકવામાં આવે છે.

કામગીરીની વિગત : ...............................

આ કરારની શરતો નીચે મુજબ છે. જે બંને પક્ષકારોને માન્ય છે.

૧. આ કામગીરી તા. / /૨૦ થી તા. / /૨૦ સુધીના કરાર ઉપર તદ્દન કામ ચલાઉ અને મુકરર સમયની છે.

૨. આ કામગીરીનો સમય તા. તા. / /૨૦ થી તા. / /૨૦ ના રોજ પૂરો થતાં કચેરી સમય બાદની અસરથી શ્રી ............................................................................... છુટા થયેલ ગણાશે તેમજ છુટો કરવાની નોટીસ આપવાની રહેતી નથી.

૩. આ કામગીરી દરમ્યાન માસિક રૂા. ......................................................(અંકે રૂપિયા........................ ...................................પૂરા) નું વેતન આપવામાં આવશે.

૪. શ્રી .......................................................... ની સેવાઓ આ યુનિટ/કેન્દ્ર/ કચેરીના વડાને હવાલે રહેશે અને કચેરી સમય ......................... થી ...................... કલાક સુધી ફરજીયાત હાજર રહીને કામગીરી કરવાની રહેશે.

૫. શ્રી .......................................................... યુનિટ વડાની પૂર્વ મંજુરી વિના ગેર હાજર રહી શકાશે નહિ અને જો તેમ કરશો તો ગેર વર્તણુંક ગણાશે.

૬. આ મુકરર સમયની કામગીરી દરમ્યાન તેઓ ગેરહાજર રહેશે તો તેટલા દિવસની ગેર હાજરી માસિક કરાર દરની સરેરાશ મુજબની બાદ કરી ચુકવણા કરવાના રહેશે.

૭. આ કામગીરી દરમ્યાન શ્રી................................... ગેર વર્તણુંક આચરશે અથવા તેમની ફરજો સંતોષકારક નહી જણાય તો આ કામગીરીનો કરાર યુનિટ વડા તાત્કાલિક રદ કરી શકશે.

૮. આ કરારી કામગીરી શ્રી .................................... ના હાથે યુનિટ /કેન્દ્ર,કચેરીના હકક હિતને અથવા અન્ય નુકશાન થશે તો તે નુકશાની પેટે યુનિટ વડા જે રકમ નકકી કરે તે ભરપાઈ કરી આપશે.

૯. યુનિટ/કેન્દ્ર/કચેરી જાહેર રજાઓના દિવસે બંધ રહે તે દરમ્યાન યુનિટ વડા કામગીરી કરવાનું કહે તો તેઓએ હાજર રહીને કામગીરી કરશે.

૧૦. શ્રી ......................................... કોઈપણ જાતની રજા માટે હકકદાર ગણાશે નહી.

૧૧. અસામાન્ય સંજોગોમાં યુનિટ વડા આ કરારી કામગીરીર ગમે ત્યારે રદ કરી શકાશે.

૧૨. બંને પક્ષકારો સંમતિથી આ કરારનો સમય પહેલા અંત લાવી શકાશે.

૧૩. શ્રી ....................................... પોતે કરારનો એક તરફી ભંગ કરશે તો યુનિટ વડા જે રકમ નકકી કરે તેટલી રકમ નવસારી કૃષિ યુનિવર્સિટીને ભરપાઈ કરી આપશે.

સાક્ષી : (૧) કરારથી કામગીરી કરનાર

(૨)

કરારથી કામગીરી લેનાર